રાજ્યના જેલ પ્રભાગની વર્ગ-૧ તથા વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓની વિકલાંગ વ્યક્તિઓ માટેની સરકારી સેવામાં અનામતમાંથી મુક્તિ બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃજલક/૨૩૨૦૧૧/૧૯૩૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૯/૧૨/૨૦૧૮

**સંદર્ભઃ**

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૮/૪૫૪૬૦૯/રો.૧

૨) પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૧૦/૧૨/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃમકમ/ખ-૧/૨૫૬૪/૨૦૧૮

૩) ગૃહ વિભાગના તા.૧૪/૧૪/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃજલક/૨૩૨૦૧૧/૧૯૩૧/જ

૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૨૯/૧૨/૨૦૧૮ની કાર્યવાહી નોંધ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૮/૬૦૩૯૮૨(૧)/રો.૧

**પ્રસ્તાવનાઃ**

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટીઝ એક્ટ, ૨૦૧૬ (RPWD Act, 2016) અન્વયે રાજ્ય સરકારની તમામ સંવર્ગની જગ્યાઓ માટે ૪% વિકલાંગતા સુનિશ્ચિત કરવા માટેની પેટા તજજ્ઞ સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણ અન્વયે તેના અમલીકરણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સંદર્ભઃ(૧)માં દર્શાવેલ પત્રથી સૂચના મળેલ છે. સંદર્ભઃ(૨) હેઠળના પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૧૦/૧૨/૨૦૧૮ના પત્રથી જેલ પ્રભાગની વર્ગ-૧ સંવર્ગની અધિક્ષક, મધ્યસ્થ/ખાસ જેલ અને (૨) નાયબ અધિક્ષક તથા વર્ગ-૨ સંવર્ગની જેલર ગ્રુપ-૧ સંવર્ગની ફરજોને ધ્યાને લઇ આ સંવર્ગની જગ્યાઓને વિકલાંગ વ્યક્તિઓ માટેની સરકારી સેવામાં ૩% અનામતની જોગવાઇમાંથી મુક્તિ આપવા માટે દરખાસ્ત કરેલ, જે અન્વયે સંદર્ભઃ(૩)માં દર્શાવેલ વિભાગના તા.૧૪/૧૨/૨૦૧૮ના પત્રથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને દરખાસ્ત કરતાં, સંદર્ભઃ(૪)માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૨૯/૧૨/૨૦૧૮ની કાર્યવાહી નોંધથી વિભાગની દરખાસ્ત માન્ય રાખવામાં આવેલ છે.

**ઠરાવઃ**

વિભાગ હસ્તકના જેલ ખાતાની (૧) અધિક્ષક, મધ્યસ્થ/ખાસ જેલ, વર્ગ-૧, (૨) નાયબ અધિક્ષક, વર્ગ-૧ અને (૩) જેલર ગ્રુપ-૧, વર્ગ-૨ની ભરતીમાં વિકલાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઇમાંથી મુક્ત આપવા માટે વિભાગની દરખાસ્ત પરત્વે સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૯/૧૨/૨૦૧૮ની કાર્યવાહી નોંધના ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૮/૬૦૩૯૮૨(૧)/રો.૧ થી વિકલાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવામાંથી અનામતની જોગવાઇમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

આથી પુખ્ત વિચારણાને અંતે (૧) અધિક્ષક, મધ્યસ્થ/ખાસ જેલ, વર્ગ-૧, (૨) નાયબ અધિક્ષક, વર્ગ-૧ અને (૩) જેલર ગ્રુપ-૧, વર્ગ-૨ના સંવર્ગમાં વિકલાંગ વ્યક્તિઓ માટે અનામતની જોગવાઇમાંથી મુક્તિ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુધીર રાવલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,
- પ.સ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- કમિશ્નરશ્રી, અશક્તતા આયુક્તની કચેરી, ભોંય તળીયે, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા,ભવન, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એ.એન્ડ ઇ.) ગુજરાત, અમદાવાદ/રાજકોટ,
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ,
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ,
- સંબંધિત તિજોરી અધિકારીશ્રી (પોલીસ મહાનિદેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટ મારફત)
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ
- અધિક્ષકશ્રી, સર્વે જેલ (પોલીસ મહાનિદેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટ મારફત)
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ